AAU

कृणवन्तो राष्ट्रं कृषिसंपन्नम्

# ઘરેલું ઈંડા આપતી મરઘીની માવજત



ગ્રામિણ વિસ્તારમાં નાના પાયે કરવામાં આવતાં મરઘાપાલનના ઉત્પાદનમાં વધારો કરવા માટે મરઘાપાલકે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા ખૂબ જરૂરી છે.

**(૧) મરઘાઘરની વ્યવસ્થા :**

પક્ષીઓને લાકડા, ધાતુ કે માટી તથા ઈંટનું બનાવેલું પૂરતી હવાઉજાસવાળું રહેઠાણ આપવું જરૂરી છે. પક્ષીઓને ખાસ કરીને રાત્રીના સમયે રહેઠાણની જરૂર પડશે અને તેઓ તેમની જાતે જ ઘરમાં પ્રવેશી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. પક્ષીઓનું ઘર કૂતરા, બીલાડા, શિયાળ કે અન્ય પ્રાણીઓથી બચી શકે તેવું હોવું જોઈએ. પક્ષીઓના રહેઠાણની સાફ સફાઈ કરવી તથા સમયાંતરે ચૂનાથી ધોળવું જોઈએ. પક્ષીઓને રહેઠાણમાં પથારી આપવી જોઈએ. સમયાંતરે (દર મહિને) બાહ્ય પરોપજીવીઓથી રક્ષણ આપવા ઈન્સેકટીસાઈડ દવાનો છંટકાવ પણ કરવો જોઈએ. પક્ષીઓને રાત્રે ઊંચી જગ્યાએ બેસવાની આદત હોય છે, તેથી માંચા (પર્ચીજ) પણ બનાવી શકાય.

**(૨) દેશી સુધારેલી જાતો અપનાવવી :**

સામાન્ય રીતે વાડામાં પક્ષીઓને ઉછેર કરવા માટે રાખવામાં આવતા દેશી પક્ષીઓની ઉત્પાદન ક્ષમતા સારી હોતી નથી. મરઘાપાલકો દેશી સુધારેલી જાતો અપનાવે તો ઉત્પાદનમાં વધારો કરી શકાય. દેશી સુધારેલી જાતોમાં અસીલ, કડકનાથ, ફ્રીજલ, નેકેડનેક, ગ્રામલક્ષ્મી, ગ્રામપ્રિયા, ગિરિરાજા વગેરેનો સમાવેશ થાય છે. આ સુધારેલી દેશી જાતો ગ્રામીણ વાતાવરણને અનુરૂપ, ખડતલ, સામાન્ય રોગો સામે લડનારી તથા સારૂ ઉત્પાદન આપતી જાતો છે. જેઓનું ઈંડા ઉત્પાદન સરેરાશ ૧૪૦-૧૬૦ ઈંડા જેટલું તથા પુખ્ત ઉંમરના માદા પક્ષીનું સરેરાશ વજન ૧૩૦૦ ગ્રામ જેટલું હોય છે. જ્યારે પુખ્ત ઉંમરના નર પક્ષીનું સરેરાશ વજન ૧૮૦૦ ગ્રામ જેટલું હોય છે.

**(૩) ઈંડા મૂકવા માટેના માળાની વ્યવસ્થા કરવી :**

મરઘીઓ ૨૦ અઠવાડિયાની ઉંમરની થાય ત્યારે તેમના માટે ઈંડા મૂકવાના માળા તૈયાર હોવા જરૂરી છે. ઈંડા મૂકવાના માળા લાકડાના ખોખા, લોખંડના ડબ્બા, માટીના છોડ માટેના કૂંડા કે દીવાલની અંદર ચણીને બાંધેલા બનાવી શકાય છે. માળા જમીનની ઉંચે, શાંત વાતાવરણમાં અને અંધારૂ રહે તેવી જગ્યાએ મૂકવા

જોઈએ.

**(૩) મરઘીને કડક (બુડી) થતી અટકાવવી :**

ગામડામાં આખા વર્ષ દરમ્યાન મરઘીઓ બચ્ચા સેવે તેવું જોવામાં આવે છે. આવી મરઘીઓ ૧૦ થી ૧૨ ઈંડા મૂકીને કડક થઈ જાય છે અને ઈંડા આપવાનું બંધ કરી ઈંડા સેવવા માટે બેસી જાય છે. આમ વર્ષમાં ૪ થી ૫ વખત ઈંડા મૂકી બચ્ચા સેવે છે જેથી વર્ષમાં આશરે ૫૦ જેટલા જ ઈંડા આપે છે. આમ મરઘીને કડક થતી રોકવા માટે રોજે રોજ ઈંડાનું એકત્રીકરણ કરવું જોઈએ જેથી મરઘીને કડક થતી અટકાવી શકાય અને ઈંડાનું ઉત્પાદન વધારી શકાય.

**(૪) પક્ષીઓના રોગ સામે અટકાવ :**

પાણી પહેલા પાળ બાંધો ઉક્તિ અનુસાર પક્ષીઓને રોગો આવતા અટકાવવા જરૂરી રસીકરણ ખાસ કરીને રાનીખેત રોગ સામે રસીકરણ કરવું જોઈએ. પક્ષીઓમાં કૃમિથી થતાં રોગોથી રક્ષણ આપવા સમયાંતરે (મહિનામાં એક વખત) કૃમિનાશક દવા આપવી જોઈએ.

**(૫) ખોરાક વ્યવસ્થા :**

૧. ઘર આંગણે ઉછેર કરવામાં આવતા દેશી પક્ષીઓ દિવસભર પ્રોટીન (જીવ જંતુ, અળસિયા, કોસેટો), મિનરલક્ષારો (રેતી, માટી, છિપલા) અને વિટામીન્સ (લીલા પાન-છોડ)માંથી મેળવે છે.

૨. ગામડાઓમાં રસ્તા પાકા થતા ગયા, ખેતરમાં એકથી વધુ પાકો લેતા ગયા અને વધુ પડતી રાસાયણિક દવાઓના છંટકાવથી દેશી પક્ષીઓને કુદરતી રીતે મળતો ખોરાક ઘટતો ગયો.

૩. દેશી પક્ષીઓને બારેમાસ એનર્જી (શક્તિ)ની ઉણપ વર્તાય છે.

૪. ફકત ચોમાસામાં દેશી પક્ષીઓની પ્રોટીન અને વિટામીન્સની જરૂયિાત બીજ, જીવજંતુઓ તથા ઘાસના પાંદડામાંથી પૂરતી થઈ રહેતી હોય છે.

૫. દેશી પક્ષીઓને સવાર-સાંજ એનર્જી (શક્તિ)વાળા ખોરાકના ઘટકો જેવા કે મકાઈ, જુવાર કે બાજરી ભરડીને ૪૦ થી ૫૦ ગ્રામ આપવી જોઈએ.

૬. શિયાળા અને ખાસ કરીને ઉનાળામાં પ્રોટીનની જરૂરિયાત પૂરી પાડવા માટે

સોયામીલ કે મગફળી ખોળને ભરડીને આપવી જોઈએ.

**(૬) પક્ષીઓના ઉત્પાદન, ખોરાક, સ્વાસ્થ્ય તથા અન્ય મુંઝવતા પ્રશ્નોની તાલીમ લેવી :**

પક્ષીઓના ઉત્પાદન વધારવા માટે, ખોરાકને લગતી માહિતી મેળવવા માટે કે રોગ સામે રક્ષણ મેળવવા માટેની માહિતી મેળવવી જોઈએ. આવી માહિતી તમને આણંદ કૃષિ યુનિવર્સિટીના પોલ્ટ્રી સાયન્સ વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, પશુ વિજ્ઞાન કેન્દ્ર, લીમખેડા કે તમારા ગામના પશુચિકિત્સક પાસેથી મળી રહે છે.

**(૭) માર્કેટીંગ (બજાર વ્યવસ્થા) :**

વાડામાં રાખી ઉછેર કરવામાં આવતા પક્ષીઓની પેદાશ ઈંડા તથા માંસની કિંમત મરઘાપાલકોને વિલાયતી જાતોની સરખામણીમાં ઘણી વધારે મળે છે. મરઘીના ઈંડા તથા મરઘીનો વધુ ભાવ ગામડાની નજીકના શહેરી વિસ્તારમાં વધુ મળે છે. આ માટે ગામડાં ભેગા મળી એક સેલ્ફ હેલ્પ ગ્રુપ બનાવી દરેકે વારાફરતી ગામના ઈંડા ભેગા કરી નજીકના શહેરમાં વેચતા ઈંડાના વધુ ભાવ મળશે.

**(૮)પાણીની યોગ્ય વ્યવસ્થા તથા ગોઠવણી :**

મરઘીઓને ચોવીસે કલાક તાજુ અને સ્વચ્છ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી. આ માટે પાણીની નીક બાંધવી અગર છૂટા પાણીના વાસણો રાખવા. પાણીના વાસણો રોજેરોજ સાફ કરી તાજું, સ્વચ્છ અને ઠંડુ પાણી આપવું. જુની માટલીનો ઉપરનો ભાગ તોડી થોડા થોડા અંતરે પાણી ભરવાથી મરઘીઓને ઠંડુ પાણી મળી રહેશે. રાત્રીના સમયે મરઘા ઘરમાં પણ પાણીની વ્યવસ્થા કરવી જોઈએ.

**(૯)બિનઉત્પાદક મરઘીઓની છટણી કરવી :**

બીનઉત્પાદક અને ખરબચડી કલગી ધરાવતી સુસ્ત મરઘીઓનો તથા અતિશય ઓછુ વજન ધરાવતી કે પીળાશ પડતી આંખોની પાંપણો ધરાવતી મરઘીઓનો પણ નિકાલ કરવો જોઈએ.

ડૉ. સફી વહોરા અને ડૉ. જી.એન. થોરાત

પશુ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢબારીયા